"Rah-Veer" (રાહ-વીર) યોજનાની
અમલવારી બાબત.

ગુજરાત સરકાર
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
ઠરાવ ક્રમાંક : **PTD/MVD/e-file/22/2025/0619/KH**
સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) MoRTH, Government of India letter No. RT 25035/27/2021-RS(195777), તા.૦૩/૧૦/૨૦૨૧.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૧૪/૧૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એમવીડી/૧૦૨૦૨૧/૨૪૫૦(૧)/ખ.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૦૯/૦૫/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: એમવીડી/૧૦૨૦૨૧/૨૪૫૦(૧)/ખ.

(૪) MoRTH, Government of India letter No. RT 25036/46/2022-RS(210137), તા.૦૧/૦૯/૨૦૨૨.

(૫) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા.૦૨/૧૧/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: એમવીડી/૧૦૨૦૨૨/૨૦૦૩/ખ.

(૬) MoRTH, Government of India letter No. RT 25035/27/2021-RS, તા.૨૧/૦૪/૨૦૨૫.

**<u>આમુખ</u>** :-

માર્ગ અકસ્માતોમાં ઈજાગ્રસ્તોના જીવ બચાવી શકાય તે માટે Ministry of Road Transport & Highways (MoRTH), Government of India દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી જીવલેણ માર્ગ અકસ્માતોમાં ઘવાયેલા વ્યક્તિઓને તુરંત સહાયભૂત થાય અને "ગોલ્ડન અવર" માં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડનાર વ્યક્તિને "GOOD SAMARITAN AWARD"થી સન્માનિત કરવા માટેની ૧૦૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજના તા.૧૫/૧૦/૨૦૨૧ થી અમલમાં મૂકવામાં આવેલ હતી. જેના અનુસંધાને રાજ્યમાં દરેક જિલ્લામાં Scheme for grant of Award to the Good Samaritan અમલમાં મૂકવાનું વિંચાણે લીધા ક્રમાંક (૫) સામેના વિભાગના હુકમથી ઠરાવવામાં આવેલ. પરંતુ, Ministry of Road Transport & Highways (MoRTH), Government of India દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૬) થી અગાઉની યોજનામાં કેટલાક ફેરફાર કરીને તેને "રાહ-વીર" યોજના તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૫) ના હુકમને રદ કરીને રાજ્યમાં "Rah-Veer"(રાહ-વીર) અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u> :-

**૧.** વંચાણે લીધેલા ક્રમાંક (૬) સામેના પત્રમાં સામેલ યોજના અંગેની ગાઇડલાઇન્સથી "Rah-Veer" (રાહ-વીર) (અગાઉ Good Samaritan Award) એવોર્ડ એનાયત કરવા માટેના માપદંડો (ક્રાઈટેરિયા) અને પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| યોજનાનું નામ: | Rah-Veer (રાહ-વીર) |
|---|---|
| વ્યાખ્યા: | માર્ગ અકસ્માતો માં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ/ટ્રોમા-કેર સેન્ટરમાં પહોંચાડનાર પરોપકારી/મદદગાર વ્યક્તિ. |


Scanned with CamScanner

| | |
|---|---|
| Golden hour ની વ્યાખ્યા: | ગોલ્ડન અવર એટલે માર્ગ અકસ્માત પછીનો એ તુરંતનો પ્રથમ કલાક છે, જેમાં તાકીદની તબીબી (Emergency Medical) સારવાર જરૂરી છે, જે સમયસર મળવાથી મૃત્યુને મહદ અંશે નિવારી શકાય છે. |
| યોજના હેઠળ Fatal Accident ની વ્યાખ્યા: | આ યોજના હેઠળ જીવલેણ માર્ગ અકસ્માત (Fatal Accident) ની વ્યાખ્યા મુજબ માર્ગ અકસ્માતમાં ઘવાયેલ વ્યક્તિને સારવાર દરમિયાન નીચેની કોઈપણ એક પરિસ્થિતિ ઉભી થાય અને હોસ્પિટલ દ્વારા તે અંગેનું જીવલેણ અકસ્માતનું પ્રમાણપત્ર આપવામાં આવે તો તે અકસ્માતને ફેટલ એક્સીડેન્ટ કહેવામાં આવશે.<br>(ક) સંકળાયેલ મોટું ઓપરેશન (Major Surgery)<br>(ખ) ઓછામાં ઓછા ત્રણ દિવસ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેવું<br>(ગ) મગજને થયેલ ઈજાઓ<br>(ઘ) કરોડરજ્જુને થયેલ ઈજાઓ<br>(ચ) સારવાર દરમિયાન મૃત્યુ |

## ૨. રાહ-વીરને મળવાપાત્ર નાણાંકીય સહાય (એવોર્ડ) :

| એવોર્ડ માટે માપદંડ | એવોર્ડની રકમ (રૂ.) |
|---|---|
| એક રાહ-વીર એક અથવા વધુ વ્યક્તિઓના જીવ બચાવે તો | રૂ.૨૫૦૦૦/- |
| જો એક કરતા વધુ રાહ-વીર એક વ્યક્તિનો જીવ બચાવે તો | રૂ.૨૫૦૦૦/- તેમની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે. |
| જો એક કરતા વધુ રાહ-વીર એક કરતા વધુ વ્યક્તિઓનો જીવ બચાવે તો | મહત્તમ રૂ.૨૫૦૦૦/- પ્રતિ રાહ-વીર |
| એક રાહ-વીરને એક વર્ષમાં મળવા પાત્ર પુરસ્કારની રકમ | મહત્તમ પાંચ વખત |

**(૨.૧)** દરેક રોકડ પુરસ્કાર સાથે "પ્રશંસા પ્રમાણપત્ર" આપવાનું રહેશે. રાહ-વીર દ્વારા સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ ફક્ત આ યોજના હેઠળની એવોર્ડ માટેની પ્રક્રિયા માટે કરવામાં આવશે અને અન્ય કોઈ હેતુ માટે કરવામાં આવશે નહીં. પરંતુ રાહ-વીર જેઓ તેમની વિગતો જાહેર કરવા તૈયાર નથી, તેમને આ યોજના હેઠળ એવોર્ડ આપવામાં આવશે નહીં.

## ૩. જિલ્લા સ્તરની મૂલ્યાંકન (Appraisal) કમિટીની રચના (DLAC) :

જિલ્લા સ્તરની Appraisal Committee (મૂલ્યાંકન સમિતિ)ની રચના કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

| જિલ્લા સ્તરની Appraisal Committee (મૂલ્યાંકન સમિતિ) | |
|---|---|
| ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ | અધ્યક્ષશ્રી |
| સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (SP) | સભ્ય સચિવશ્રી |
| ચીફ ડીસ્ટ્રીક્ટ હેલ્થ ઓફિસર, ડીસ્ટ્રીક્ટ પંચાયત (CDHO) | સભ્યશ્રી |


Scanned with CamScanner

| | |
|---|---|
| ચીફ ડીસ્ટ્રીક્ટ મેડીકલ ઓફિસર (CDMO) અને સીવીલ સર્જન | સભ્યશ્રી |
| આસીસ્ટન્ટ/રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફીસર (ARTO/RTO) | સભ્યશ્રી |
| રીજનલ એન્ફોર્સમેન્ટ ઓફિસર (REO)<br><br>ગુજરાત રોડ સેફટી ઓથોરિટી | આમંત્રિત સભ્યશ્રી |

૪. <u>શહેર સ્તરની મૂલ્યાંકન (City Appraisal) કમિટીની રચના (CLAC)</u> :

રાજ્યના પોલીસ કમિશનરેટ વિસ્તાર અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે શહેર સ્તરની મૂલ્યાંકન (Appraisal) સમિતિની રચના કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

| પોલીસ કમિશનરેટ સ્તરની Appraisal Committee (મૂલ્યાંકન સમિતિ) | |
|---|---|
| પોલીસ કમિશનર | અધ્યક્ષશ્રી |
| DCP ટ્રાફિક (હેડ ક્વાટર) | સભ્ય સચિવશ્રી |
| DCP ટ્રાફિક (તમામ) | સભ્યશ્રી |
| આસીસ્ટન્ટ/રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફીસર (ARTO/RTO) | સભ્યશ્રી |
| મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (મ્યુનિસિપલ કોર્પોરેશન) | સભ્યશ્રી |
| ચીફ ડીસ્ટ્રીક્ટ મેડીકલ ઓફિસર (CDMO) અને સીવીલ સર્જન | સભ્યશ્રી |
| મેડીકલ સુપ્રીટેન્ડન્ટ, સિવીલ હોસ્પિટલ | સભ્યશ્રી |
| રીજનલ એન્ફોર્સમેન્ટ ઓફિસર (REO)<br><br>ગુજરાત રોડ સેફટી ઓથોરિટી | આમંત્રિત સભ્યશ્રી |

<u>(૪.૧) રાહ-વીરના પસંદગીની પ્રક્રિયા માટે જિલ્લા/શહેર સ્તરે મૂલ્યાંકન (Appraisal) સમિતિની કામગીરી</u> :

(a) ડોક્ટર પાસેથી વિગતોની ખરાઈ કર્યા પછી પોલીસ સત્તાવાર લેટરપેડ પર, રાહ-વીરનું નામ, તેનો મોબાઈલ નંબર અને સરનામું, સ્થળ, તારીખ અને ઘટનાનો સમય અને કેવી રીતે રાહ-વીર છે તેનો ઉલ્લેખ કરીને પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ અધિકારીશ્રી પોતાના સહી સિક્કા સાથે જિલ્લા/શહેર સ્તરની મૂલ્યાંકન સમિતિને આ સાથે નિયત કરેલા એનેક્ષર-એ માં માહિતી મોકલી આપશે.

(b) પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ અધિકારી પાસેથી એનેક્ષર-એ સાથે દરખાસ્તની પ્રાપ્તિ થયા બાદ જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશનરના અધ્યક્ષપણા હેઠળની જિલ્લા/શહેર સ્તરની મૂલ્યાંકન સમિતિ માસિક ધોરણે આવેલ દરખાસ્તોની સમીક્ષા કરી ઠરાવમાં જણાવેલ માર્ગદર્શિકા અને માપદંડો મુજબની નિયમોનુસારની દરખાસ્તોને મંજૂર કરશે.

(c) જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ કમિશનરના અધ્યક્ષપણા હેઠળની જિલ્લા/શહેર સ્તરની મૂલ્યાંકન સમિતિ એ દરખાસ્તોને મંજૂર કર્યા બાદ તેની યાદી જિલ્લા મેજીસ્ટ્રેટ/ પોલીસ કમિશનરની સહીથી રાજ્યની રોડ સેફ્ટી ઓથોરિટીને દર માસની પાંચ તારીખ સુધીમાં જરૂરી ચુકવણી માટે મોકલવાની રહેશે.


Scanned with CamScanner

(d) જિલ્લા મેજિસ્ટ્રેટ/ પોલીસ કમિશનર કે જેઓ જીલ્લા/શહેર માર્ગ સલામતી સમિતિ ના પણ અધ્યક્ષ છે તેઓએ જિલ્લા/શહેર માર્ગ મૂલ્યાંકન સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ દરખાસ્તો પર લાભાર્થીના આધાર નંબર અને બેંક એકાઉન્ટની માહિતી સાથે "રાહ-વીર" પુરસ્કાર યોજના ના લાભાર્થીની વિગતો e-DAR પ્લેટફોર્મ પર અપલોડ કરાવવાની રહેશે.

(e) ગુજરાત રોડ સેફટી ઓથોરીટી લાભાર્થીની વિગતો જિલ્લા/શહેર સ્તરની મૂલ્યાંકન સમિતિ પાસેથી પ્રાપ્ત કરશે અને લાભાર્થીની વિગતો e-DAR પ્લેટફોર્મ ઉપર અપલોડ થયેલ છે કે નહિ તેની ખાતરી કરશે. ગુજરાત રોડ સેફટી ઓથોરીટી e-DAR પ્લેટફોર્મ ઉપર લાભાર્થીની વિગતો/માહિતી અપલોડ થયાની ખાત્રી થયા બાદ રોકડ પુરસ્કાર PFMS દ્વારા સીધા જ લાભાર્થીના બેંક ખાતામાં જમા કરશે.

(f) વધુમાં મોટર વાહન (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૧૩૪A હેઠળની જોગવાઈ મુજબ તારીખ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના નોટિફિકેશન ક્ર. GSR 594(E) થી સૂચિત કરવામાં આવેલ રાહ-વીર (ગુડ સમરિટન)ના નિયમો મુજબ કોઈપણ રાહ-વીર (ગુડ સમરિટન) ની સંમતિ વિના કોઈપણ કાનૂની કાર્યવાહી રાહ-વીર પર કરવામાં આવશે નહીં. રાહ વીરને આપવામાં આવેલ અધિકારો અને સરંક્ષણના કોઈપણ ભંગ બદલ રાહ-વીર પોલીસ કમિશનર/જિલ્લા મેજિસ્ટ્રેટનાં અધ્યક્ષપણા હેઠળ બનાવેલ શહેર/જિલ્લા મૂલ્યાંકન સમિતિનો સંપર્ક કરી શકશે.

**૫. <u>રાજ્ય સ્તરીય મોનિટરિંગ કમિટી(SLMC)</u> :**

આ યોજના ના યોગ્ય અમલીકરણ અર્થે સચિવશ્રી (ગૃહ)ની અધ્યક્ષતા હેઠળની રાજ્ય સ્તરની દેખરેખ સમિતિના સભ્ય સચિવ તરીકે વિભાગના વંચાણે લીધેલ (૨) ના ઠરાવથી રોડ સેફ્ટી કમિશનરશ્રી ગુજરાત રોડ સેફટી ઓથોરીટીને અધિકૃત કરેલ છે.

| ક્રમ | અધિકારીશ્રી | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય | અધ્યક્ષશ્રી |
| ૨ | કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, ગુજરાત રાજ્ય | સભ્ય સચિવશ્રી |
| ૩ | કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય (ગ્રામીણ તથા શહેરી) | સભ્યશ્રી |
| ૪ | એડી.ડી.જી.પી. (ટ્રાફિક), ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |

**૬. <u>આ યોજના હેઠળની અન્ય બાબતો નીચે મુજબ રહેશે.</u>**

**(૧)** રાજ્ય સ્તરીય મોનિટરીંગ કમિટી યોજનાના યોગ્ય અમલીકરણના મોનિટરીંગ માટે ત્રિમાસિક બેઠકો કરશે.

**(૨)** રાજ્ય સ્તરની મોનિટરીંગ કમિટી વાર્ષિક ધોરણે રાષ્ટ્રીય સ્તરના પુરસ્કાર માટે ત્રણ સૌથી લાયક ઉમેદવારોનું લિસ્ટ દરખાસ્ત સાથે MoRTHને વિચારણા માટે ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં અથવા દર વર્ષે MoRTH દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે મોકલી આપશે. જેમાં શ્રેષ્ઠ રાહ-વીરને પ્રમાણપત્ર અને ટ્રોફી સાથે રૂ.૧,૦૦,૦૦૦/- ના રોકડ પુરસ્કારથી ભારત સરકાર સન્માનિત કરશે.

**(3)** રાજ્ય સ્તરીય મોનિટરીંગ કમિટી આ યોજનાનો પ્રિન્ટ અને સોશિયલ મીડિયા વગેરે જેવા માધ્યમો દ્વારા સારી રીતે પ્રચાર-પ્રસાર કરશે.

**૭.** આ સુચનાઓ સંબંધમા કોઈ મુદ્દાના અર્થઘટન અંગે ભારત સરકાર દ્વારા આ સંબંધમાં અપાયેલ અપાયેલ વખતો વખતની


Scanned with CamScanner

સુચનાઓ આખરી ગણવાની રહેશે.

૮. રાહ-વીર યોજનાનો અમલ રાજ્યમાં તા.૨૧/૦૪/૨૦૨૫ થી ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેન્દ્રસિંહ પરમાર)
નાયબ સચિવ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

<u>નકલ રવાના</u> :

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન.રા.ક.મંત્રીશ્રી(વા.વ્ય.-સ્વતંત્ર હવાલો) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૪. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. અધ્યક્ષશ્રી, રાજ્ય સ્તરની મોનીટરીંગ કમિટી(SLMC)અને સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૯. વાહન વ્યવહાર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૦. કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧૧. તમામ સભ્યશ્રી, રાજ્ય સ્તરની મોનીટરીંગ કમિટી(SLMC). **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૨. પોલીસ કમિશનરશ્રીઓ (અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા) **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૩. તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૪. તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૫. તમામ જિલ્લા મુખ્ય આરોગ્યશ્રીઓ **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૬. તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓ **(ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી મારફત)**

૧૭. સીસ્ટમ મેનેજરશ્રી, ચ-શાખા, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા અર્થે.

૧૮. શાખા સિલેક્ટ ફાઇલ.


Scanned with CamScanner